જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૯/૧૧/૨૦૨૧  સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૨૧૬૬/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૨૮/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | લમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૨૭ | ૦ | ૧૧૭૨૭ | ૧૭૮૩૭ | ૦ | ૧૭૮૩૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૧ | ૦ | ૧૨૧ | ૩૯૭ | ૦ | ૩૯૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૪૨૯૮ | ૨૦ | ૭૪૩૧૮ | ૭૫૩૯૬ | ૨૧ | ૭૫૪૧૭ |
| | કુલ | ૯૦૮૭૯ | ૨૦ | ૯૦૮૯૯ | ૯૯૯૧૨ | ૨૧ | ૯૯૯૩૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | **MV Act 1988** હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૮ | ૩,૨૦,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯૦ | ૨,૯૦,૦૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૫૮ લીટર દેશી દારૂ, ૨૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૯/૨૦૨૧**

**ચાંદખેડાઃ** બંસીલાલ બાબુભાઇ પટેલ (રહે. વિષ્ણુનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) એ તા.૨૬/૧૧/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગે ચાંદખેડા ગુજરાત હાઉસીંગ બોર્ડ સેન્ટરા હોસ્પીટલ પાછળના ભાગે પોતાની ઇકો ગાડી નંબર જીજે ૦૧ ડબલ્યુસી ૯૫૫૪ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૭/૧૧/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ બંસીલાલ પટેલે તા.૨૮/૧૧/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૧૭૦/૨૦૨૧**

**“એન” ડિવીઝન ટ્રાફીક પો.સ્ટે.: કીર્તીભાઇ નગીનદાસ ભાવસાર (ઉ.વ.૪૫)(રહે.કોમલ એન્કલેવ, નવનીત હાઉસની બાજુમાં, ચંદ્રનગર, પાલડી)** એ “એન” **ડિવીઝન** ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ધરણીધર બ્રીજ ઉપર પોતાની એક્ટીવા પર પત્ની મેઘનાબહેન(ઉ.વ.૪૨) ને પાછળ બેસાડી પસાર થઇ રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે.૦૧.પીયુ.૪૯૮૯ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવતા એક્ટીવાને ટકકર વાગતા કિર્તીભાઇને શરીરે ગંભીર ઇજાઓ થઇ હતી તેમજ મેઘાબહેનના માથાના ભાગે ગંભીર ઇજા થતા સારવાર અર્થે બંનેને જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન મેઘાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી આર.આર.શુકલ ચલાવે છે.

**અંડર ગ્રાઉન્ડ પાણીની ટાકીમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૧/૨૦૨૧**

**ગોમતીપુરઃ** ઈન્દ્રવદન સ/ઓ અમરાભાઈ ખુમાણ (ઉ.વ.૬૪)(રહે. ગોમતીપુર જીવરામ ભટ્ટની ચાલી નજીક ફુટપાથ ઉપર) તા.૨૮/૧૧/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા ગોમતીપુર જીવરામ ભટ્ટની ચાલીના જાહેર શૌચાલયની પાણીની અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પડી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રભાતસિંહ પરબતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૨/૨૦૨૧**

**નિકોલ**ઃ હરેશભાઇ બાબુભાઇ નાયી (ઉ.વ.૪૨) (રહે. રતનપાર્ક સોસાયટી કોઠીયા હોસ્પીટલ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયપ્રકાશ અમૃતલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.